# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

રજીસ્ટ્રેશન નં. સા. ૩૩૯૦ નોંધણી તા. ૨૯/૦૪/૨૦૦૦





## " વિના સહકાર નહીં ઉધ્ધાર"

## ૨૦૨૩ - ૨૦૨૪

## વર્ષ ૨૪ મું

### સભાસદ સંખ્યા: ૭૫૭૯

| | | | |
|---|---|---|---|
| મંજુર થયેલ શેર ભંડોળ | ૨,૦૦,૦૦,૦૦૦=૦૦ | કુલ ધિરાણ | ૫૭,૩૧,૫૭,૯૬૭=૦૦ |
| વસુલ આવેલ શેર ભંડોળ | ૧,૬૦,૮૫,૩૦૦=૦૦ | રિઝર્વ તથા ફંડો | ૧૪,૦૨,૪૧,૫૯૧=૭૭ |
| કુલ થાપણ | ૮૭,૦૭,૪૩,૭૯૩=૦૦ | કામકાજનું ભંડોળ | ૧૧૩,૩૨,૩૭,૮૩૨=૭૭ |

### ઓડિટ વર્ગ 'અ' (૨૦૨૨-૨૦૨૩)

**ઓડિટર્સ**

સહકારી ખાતાનાં સ્પેશ્યલ ઓડિટર
શ્રી આશિષ મોદી એન્ડ કાં. સુરત (ઈન્ટરનલ ઓડિટર્સશ્રી)



'સમુત્કર્ષ ભવન' પરશુરામ નગર, શાસ્ત્રી રોડ, સ્વામિનારાયણ મંદીર સામે, બારડોલી
દુરભાષ: (૦૨૬૨૨)૨૯૯૦૧૩, મો. ૯૨૬૫૪ ૭૨૧૫૭, E-mail: bjanta2000@gmail.com

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## વ્યવસ્થાપક સમિતિ

| ક્રમ | નામ | હોદ્દો | હાજરી | ગામનું નામ |
|---|---|---|---|---|
| ૧ | નિરંજન માનાજી મિસ્ત્રી | પ્રમુખ | ૧૨ | બારડોલી |
| ૨ | મનિષભાઈ છોટુભાઈ પટેલ | ઉપપ્રમુખ | ૧૨ | ઈસરોલી |
| ૩ | જગદીશભાઈ હિરાભાઈ પટેલ | માનદ્‌મંત્રી | ૯ | બારડોલી |
| ૪ | નિલેશકુમાર ગીરધારીલાલ ગુપ્તા | સહમંત્રી | ૧૨ | બારડોલી |
| ૫ | હરકાંતભાઈ નટવરભાઈ પારેખ | ક. સભ્ય | ૧૧ | બારડોલી |
| ૬ | ડાૅ. મહેન્દ્રભાઈ હીરજીભાઈ ચૌધરી | ક. સભ્ય | ૧૨ | બારડોલી |
| ૭ | મહેન્દ્રસિંહ હઠેસિંહ ચૌહાણ | ક. સભ્ય | ૧૦ | બારડોલી |
| ૮ | મુકુંદભાઈ જગુભાઈ પટેલ | ક. સભ્ય | ૧૦ | મોતા |
| ૯ | વિમલભાઈ કેશવભાઈ પટેલ | ક. સભ્ય | ૧૦ | ખરવાસા |
| ૧૦ | ભાવેશકુમાર પ્રેમજીભાઈ પટેલ | ક. સભ્ય | ૨ | બારડોલી |
| ૧૧ | અમિષાબેન મેહુલભાઈ પટેલ | ક. સભ્ય | ૧૨ | બારડોલી |
| ૧૨ | નિલેશકુમાર પ્રહલાદભાઈ પટેલ (ગામી) | ક. સભ્ય | ૯ | બારડોલી |
| ૧૩ | આનંદભાઈ સન્મુખભાઈ ટેલર | ક. સભ્ય | ૧૨ | વાંકાનેર |
| ૧૪ | હર્ષદભાઈ ભુલાભાઈ પટેલ | ક. સભ્ય | ૧૧ | અસ્તાન |
| ૧૫ | રાજેન્દ્રભાઈ નાનજીભાઈ પટેલ | ક. સભ્ય | ૧૦ | બારડોલી |
| ૧૬ | ફાલ્ગુનીબેન જયેશભાઈ પટેલ | ક. સભ્ય | ૧૧ | ધામડોદ-લુંભા |

**વર્ષ દરમિયાન કુલ ૧૨ મીટીંગ મળી હતી**

**દિનેશચંદ્ર ધનસુખભાઈ પ્રજાપતિ - મેનેજર**

## બેન્કર્સ

૧. ધી સુરત ડિ.કો-ઓ.બેંક લિ., બારડોલી સ્ટેશન શાખા, સીટી શાખા.
૨. બેંક ઓફ બરોડા, બારડોલી ૩. આર.બી.એલ બેંક, બારડોલી
૨. સુરત પીપલ્સ બેંક ૫. મહેસાણા અર્બન બેંક

## કાયદા સલાહકાર

**શ્રી કુંજ એન. વકીલ** (બી.એ.એલ.એલ.બી.)

**શ્રી રાકેશ કે. પટેલ** (બી.કોમ. એલ.એલ.બી)

**શ્રી કામેશકુમાર કે. પટેલ** (બી.એ.એલ.એલ.બી.)

**શ્રી કિરણ બી. પટેલ** (બી.કોમ. એલ.એલ.બી)

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## જાહેરખબર

આથી સોસાયટીનાં તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સોસાયટીની ચોવીસમી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના પ્રમુખશ્રી નિરંજન માનાજી મિસ્ત્રીનાં અધ્યક્ષ સ્થાને તા. ૦૮-૦૬-૨૦૨૪ ને શનિવારે સવારે ૧૦-૦૦ કલાકે સીનિયર સિટીઝન કલબ હોલ, હીરાચંદ નગર, નગરપાલિકા તરણકુંડ પાસે, બારડોલીમાં નીચે જણાવેલ કામો માટે રાખવામાં આવેલ છે, તો સમયસર હાજર રહેવા વિનંતી.

## કાર્યસુચિ

૧. તા. ૦૩-૦૬-૨૦૨૩નાં રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.
૨. સને ૨૦૨૩-૨૦૨૪નાં વર્ષનો સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ વ્યવસ્થાપક કમિટીએ મંજુર કરેલ અને આંતરિક ઓડિટરે ઓડિટ કરેલ હિસાબો મંજુર કરવા બાબત.
૩. સને ૨૦૨૩-૨૪નાં વર્ષનાં વ્યવસ્થાપક કમિટીએ સૂચવેલ ચોખ્ખા નફાની વહેંચણી મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૨૩-૨૪નાં વર્ષના ઈન્ટરનલ ઓડિટ રિપોર્ટનું વાંચન.
૫. સને ૨૦૨૨-૨૦૨૩નાં વર્ષનાં વૈધાનિક ઓડિટ રિપોર્ટનું વાંચન.
૬. સને ૨૦૨૪-૨૫ નાં વર્ષ માટે ઈન્ટરનલ ઓડિટરશ્રીની નિમણૂંક કરવા બાબત.
૭. તા. ૨૯-૦૪-૨૦૨૪ નાં રોજ સંસ્થા ૨૫ માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. તે પ્રસંગે ૨૦૨૪-૨૫ ના વર્ષને રજતજયંતિ વર્ષ તરીકે ઉજવવા બાબત.
૮. પેટા કાયદામાં સુધારો કરવા બાબત. (સામેલ પરિશિષ્ટ મુજબ)
૯. બહારથી ઉભા કરવાના ભંડોળો અને કરજની મહત્તમ સત્તા બાબત.
૧૦. અધ્યક્ષ સ્થાનેથી અથવા તેઓશ્રીની મંજુરીથી રજૂ થાય તે અન્ય કામો બાબત.

વ્ય. કમિટીનાં આદેશથી

દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ
મેનેજર

સ્થળ : બારડોલી
તા. ૧૪-૦૫-૨૦૨૪

## સુચના

૧. હિસાબ બાબત ચોખવટ માટે મિટીંગના સાત દિવસ પહેલાં લેખિત અરજી મેનેજરશ્રીને આપવી.
૨. સભાસદશ્રીઓને જો કોઈ ખુલાસા મેળવવા હોય તો તેમને ઓફિસમાં કામકાજનાં સમય દરમ્યાન મળી શકશે.
૩. સભાસદોએ સને ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ ના વર્ષનું ડિવિડન્ડ તાત્કાલિક સેવિંગ્સ ખાતુ ખોલાવી ખાતામાં જમા કરાવી લેવું નહીંતર પેટા કાયદા મુજબ આ રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે. જેની નોંધ લેવી.
૪. પેટા કાયદા મુજબ દરેક સભાસદે સેવિંગ્સ ખાતું ખોલાવવું ફરજિયાત છે. જેથી જેના સેવિંગ્સ ખાતા ખોલવાના બાકી હોય સત્વરે ખોલાવી જવા.

**નોંધ :–** કોરમના અભાવે મુલતવી રહેલ સભા એજ સ્થળે એજ દિવસે પેટા નિયમ ૩૫ અન્વયે અડધા કલાક પછી મળશે અને તેમાં થયેલા કામો કાયદેસર ગણાશે.

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

ચોવીસમી વાર્ષિક સામાન્ય સભા તા. ૦૮–૦૬–૨૦૨૪ ને શનિવારે સવારે ૧૦–૦૦ કલાકે
સિનીયર સિટીઝન કલબ હોલ, હીરાચંદ નગર, નગરપાલિકા તરણકુંડ પાસે, બારડોલી.

## પ્રમુખશ્રીનું નિવેદન

**માનવંતા સભાસદ ભાઈઓ–બહેનો તથા સહકારી મિત્રો,**

વિતેલા વર્ષ દરમ્યાન, તાજેતરમાં મૃત્યુ પામેલ વિશ્વનાં તમામ નાગરિકો, સંસ્થાનાં, શુભેચ્છકો, નામી-અનામી સભાસદ ભાઈ-બેનોનાં દુઃખદ અવસાનની નોંધ લઈ પ્રભુ એમનાં આત્માને શાંતિ અને મોક્ષ આપે એવી પ્રાર્થના કરીએ....

બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. તા. ૨૯-૦૪-૨૦૨૪ નાં રોજ પોતાનાં સ્થાપનાં કાળનાં સફળતા પૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે, ત્યારે ચોવીસમી વાર્ષિક સામાન્ય સભામાં તમામ સભાસદ ભાઈઓ-બહેનોને આવકારતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. અગાઉ આપણે વર્ષ ૨૦૧૧-૧૨માં દશાબ્દી વર્ષની ઉજવણી, વર્ષ ૨૦૧૫-૧૬ માં નવા મકાન "સમુત્કર્ષ ભવન " નાં ઉદ્દઘાટનનો પ્રસંગ તથા ગત વર્ષનો " શ્રી અન્ન મહોત્સવ " જેવા અગત્યનાં મહત્વનાં ત્રણ પ્રસંગ આપ સભાસદોનાં અભુતપૂર્વ સહકારથી સુપેરે સફળતા પૂર્વક ઉજવ્યા હતા.

સંસ્થાનાં સંચાલક મંડળે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ તા. ૨૯-૦૪-૨૦૨૪ થી તા. ૨૯-૦૪-૨૦૨૫ સુધીનાં સમયને "રજત જયંતિ વર્ષ " તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. અને રજત જયંતિ વર્ષે સંસ્થાની ૨૫ વર્ષની સફળ કામગીરીની માર્ગદર્શક પુસ્તિકા "અભિનંદની " નાં વિમોચનનું પણ આયોજન કર્યુ છે તથા સહકારનાં સાતમાં સિધ્ધાતને ધ્યાને લઈ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ સામાજિક, વૈદકિય અને શૈક્ષણિક સંસ્થાઓને યથા યોગ્ય સહાય આપવાનાં નિર્ણયને બહાલી આપશો એવી આશા રાખુ છું.

સંસ્થાનો ચોવીસમો વાર્ષિક અહેવાલ તથા તા. ૩૧-૦૩-૨૦૨૪ નાં રોજનું ઑડિટ થયેલું સરવૈયુ, નફા-નુકશાનનાં હિસાબી પત્રકો જે વ્યવસ્થપક કમિટીએ મંજુર કર્યા છે. તે આપશ્રીને મળ્યા હશે. અને તેનો આપે અભ્યાસ પણ કર્યો હશે, તેને આપની સમક્ષ મુકતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. વર્ષની શરૂઆતમાં સંસ્થાના સભાસદોની સંખ્યા ૭૪૬૮ હતી. વર્ષ દરમ્યાન ૧૪૯ સભાસદોનો ઉમેરો થતાં અને ૩૨ સભ્યો કાર્યક્ષેત્રની બહાર રહેવા જવાને કારણે તથા ૬ સભાસદ વારસાઈથી કમી થતાં વર્ષાન્તે સભાસદ સંખ્યા ૭૫૭૯ છે. અને શેર ભંડોળ રૂા. ૧,૬૦,૮૫,૩૦૦-૦૦ છે. મંડળીએ દરેક સભાસદની ૫ લાખની અકસ્માત વિમા પોલીસી લીધી છે. જો કોઈ સભાસદનું અકસ્માતથી મૃત્યુ થાય તો વારસદારોને ૫ લાખની રકમ મળવાપાત્ર છે. આવા કિસ્સામાં સંસ્થામાં મેનેજરને સત્વરે જાણ કરવા વિનંતી. જેથી નિયમ મુજબ સમયસર વિમા કંપનીને ઈન્ટીમેશન આપી શકાય.

સંસ્થાની નાણાકીય સ્થિતિ જોઈએ તો સંસ્થાનું રિઝર્વ અને અન્ય ફંડો તા. ૩૧-૦૩-૨૦૨૪ નાં રોજ રૂા. ૧૪,૦૨,૪૧,૫૯૧-૭૭ છે. જ્યારે થાપણો વર્ષની શરૂઆતમાં રૂા. ૮૨,૦૨,૪૨,૪૮૪-૦૦ હતી. જેમાં વધારો થતાં વર્ષાન્તે થાપણ રૂા. ૮૭,૦૭,૪૩,૭૯૩-૦૦ છે. વર્ષની શરૂઆતમાં કુલ ધિરાણ રૂા. ૫૨,૦૫,૦૩,૬૬૭-૦૦ હતુ. વર્ષ દરમ્યાન રૂા. ૨૨,૬૮,૨૯,૦૧૦-૦૦ નું નવુ ધિરાણ કરતાં અને વર્ષ દરમ્યાન રૂા. ૧૭,૪૧,૭૪,૭૧૦-૦૦ ની સંતોષકારક વસુલાત થતાં વર્ષાન્તે ધિરાણ બાકી રૂા. ૫૭,૩૧,૫૭,૯૬૭-૦૦ છે. રજી. શ્રી સહકારી મંડળીઓ ગાંધીનગરનાં પરિપત્ર જાવક નં. નસબ/૨૩૮/ઝ.૧૨/૨૩૮/૦૭, તા. ૨૧-૦૨-૨૦૦૭ મુજબ એન.પી.એનાં નિયમો નિર્દેશ કરવામાં આવ્યા છે. જે અનુસાર તમામ પ્રકારનાં ધિરાણ પૈકી ભવિષ્યને અનુરૂપ એન.પી.એ.ની સંપૂર્ણ જોગવાઈ કરી હોય હાલ નેટ NPA શૂન્ય છે.

આવકવેરા કાયદા હેઠળ ભવિષ્યમાં સંસ્થાને કે સભાસદોને મુશ્કેલી ન પડે તે માટે લોનનાં હપ્તા રોકડેથી ન ભરતાં ચેકથી જ ભરવા આગ્રહ ભરી વિનંતી છે. અથવા RTGS/ NEFT/ IMPS થી જમા કરાવી સંસ્થાનાં મોબાઈલ નંબર ૯૨૬૫૪૭૨૧૫૭ ઉપર વોટેસએપ અથવા ફોનથી જાણ કરી પહોંચ મેળવી લેવી. સંસ્થાની બેંક ખાતાની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| **Beneficiery Name:** | Beneficiery Name: Bardoli Janta Co-Op.Credit Soc. Ltd. |
| **Bank Name:** | Bank Name: The Surat District Co-Op. Bank Ltd., Bardoli Station Branch |
| **Beneficiery A/c No.:** | Beneficiery A/c No.: 00000808012023377 |
| **Beneficiery IFSC Code:** | Beneficiery IFSC Code: SDCB0000012 |
| **Beneficiery A/c Type:** | Beneficiery A/c Type: Savings |

માનવંતા સભાસદ ભાઈ-બહેનોને જણાવતાં આનંદ થાય છે કે જનતા પરિવારની આપણી આ સંસ્થાએ સહકારીતાનાં ઉચ્ચ મૂલ્યોને ધ્યાને લઈ આપ તમામ સભાસદોને ઉચ્ચતમ સેવા કરવાની ઈચ્છા શકિત સાથે આપનાં જીવનમાં રોજ બરોજની જરૂરીયાતો પ્રમાણે ધિરાણની સગવડ એકદમ સરળતાથી પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે. સને ૨૦૨૩-૨૦૨૪ નાં નફામાંથી સંસ્થા તથા સભાસદોનાં હિતમાં જરૂરી ફંડોની જોગવાઈ કરી રૂા. ૩,૧૫,૯૬,૨૮૩-૦૬ જેટલો ચો. નફો કરેલ છે. અને નફાની વહેંચણી કરી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ આપણી વ્યવસ્થાપક કમિટીએ ૧૨ ટકા ડિવિડન્ડ આપવાનું ઠરાવેલ છે. જેને બહાલી આપશો એવી આશા રાખુ છું..

જ્યારે ભારત સરકાર ડિજીટલ માધ્યમથી જ ટ્રાન્જેકશન ઉપર ભાર મુકતી હોય ત્યારે આપણે અત્યારથી જ એકટીવ થવાની જરૂર છે. આ માટે આપણી સંસ્થાએ અત્યારથી જ કાર્ય શરૂ કરી દીધુ છે. એમ તો હાલમાં પણ સેવિંગ્સ અને લોન અંગેનાં તમામ લેવડદેવડ અંગેની માહિતી તમામ સભાસદોને **SMS** મારફત મળે છે. પરંતુ તે સિવાય અન્ય માહિતી પણ સભાસદોને ઓનલાઈન મળે તે માટેની કાર્યવાહી ચાલુ છે. આ માટે આપણે વેબસાઈટ પણ બનાવી છે. જેમાં સમયાંતરે જુદી જુદી તમામ માહિતીઓ આપને મળી રહેશે.

આપણી સંસ્થાનું ઓડિટ ઈન્ટરનલ ઓડિટ (સી.એ.) તથા સરકારશ્રી નિયુકત પ્રમાણિત ઓડિટર મારફત કરાવવામાં આવે છે. આપણી સંસ્થાને શરૂઆતથી સને ૨૦૨૨-૨૩ સુધી “ અ ” વર્ગ મળેલ છે.

આપણી સંસ્થાનાં વહીવટી કામ તેમજ મુદતવીતી બાકીની સંતોષકારક વસુલાત તથા થાપણ મેળવવામાં મદદરૂપ થવા બદલ હું સર્વે સભાસદો તથા ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ, માનદ્‌મંત્રીશ્રી જગદીશભાઈ પટેલ, સહમંત્રીશ્રી નિલેશભાઈ ગુપ્તા, સાથી ડિરેકટરશ્રીઓ તથા મેનેજરશ્રી દિનેશચંદ્ર પ્રજાપતિ અને કર્મચારી ગણનો આભાર માનું છું. તદુપરાંત મે. જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ સુરત., આપણી સંસ્થાને સહકારી કાયદાકીય માહિતી પૂરી પાડનાર નિવૃત્ત સંયુકત રજીસ્ટ્રારશ્રી જે. જે. શાહ સાહેબ, ધી સુરત ડિસ્ટ્રિકટ કો-ઓ.બેંકની તમામ શાખાઓ, નગરની અન્ય સહકારી સંસ્થાઓનાં હોદ્દેદારો, આપણા ઈન્ટરનલ ઓડીટર્સશ્રી આશિષ મોદી એન્ડ કાં.(સી.એ.) સુરત, સુરત જિલ્લા ફેડરેશનનાં હોદ્દેદારો , શ્રી પ્રશાંતભાઈ કાબરાવાલા, સંસ્થાનાં કાયદા સલાહકાર શ્રી કુંજ વકીલ, શ્રી રાકેશભાઈ પટેલ, શ્રી કિરણભાઈ બી. પટેલ, શ્રી કામેશભાઈ પટેલ, કોમ્પ્યુટર સોફટવેર કન્સલ્ટન્ટ શ્રી હરીશભાઈ છનીયારા, વેલ્યુઅર મનિષભાઈ સી. પટેલ, શ્રી ભાષ્કરભાઈ પાઠક, નિયમિત બચતનાં એજન્ટ ભાઈ બહેનો તથા પ્રીંટ મિડીયા તથા ઈલેકટ્રોનિક મિડિયાનાં પત્રકાર મિત્રોનો અંતઃપૂર્વક આભાર માનું છું.

સંસ્થાનાં કુશળ અને પારદર્શક સંચાલન માટે શકય બનતા પ્રયાસો કરવા છતાં “ માનવ માત્ર ભૂલને પાત્ર ” આ કથન ધ્યાનમાં લઈ મારાથી અથવા સંસ્થાનાં કર્મચારી તરફથી કોઈ સભાસદ ભાઈ બહેનો પ્રત્યે કોઈ પણ પ્રકારનો અવિવેક થયો હોય તો તે અંગે સૌના વતી હું દિલગીરી વ્યકત કરૂ છું. આપ સૌ ઉદાર મન દાખવી સંસ્થાનાં હિતમાં ક્ષમ્ય ગણશો. સંસ્થાનાં હિત ખાતર જો કોઈ સભાસદ સામે કાયદાની કલમ ૧૩૮ મુજબ કર્યવાહી કરવી પડી હોય કે સુરતની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં દાવો દાખલ કરવો પડયો હોય તો તે મારી પ્રમુખ તરીકેની ફરજનો ભાગ જ હતો. તે માટે ક્ષમાયાચના કરૂં છું.

અંતમાં, પરમકૃપાળુ પરમાત્મા આપ સૌને ઉત્તમ ધન, સમર્થ મન નિરોગી કાયા, વાણીની માધુર્ય, સોહામણા દિવસો, હકારાત્મક અને રચનાત્મક વિચારો કરવાની શકિત આપે એવી અંતકરણથી હાર્દિક પ્રાર્થના કરૂં છું. તો આવો આપણે તમામ સભાસદ ભાઈ-બહોનો, કર્મચારી ગણ તથા સંચાલક મંડળ સામુહિક ભાગીદારી દ્વારા આપણી સંસ્થાને ઉજ્જવળ બનાવી સંસ્થાનું નામ ફકત સુરત જિલ્લામાં જ નહી પરંતુ સમગ્ર ગુજરાતમાં રોશન થાય તેવા સામુહિક પ્રયત્નો કરીએ.

લિ.
આપનો સહકારી
નિરંજન માનાજી મિસ્ત્રી
પ્રમુખ

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૩ | જવાબદારીઓ | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ | **સતાવાર શેર ભંડોળ** (૨,૦૦,૦૦૦-૦૦ શેર દરેક રૂા. ૧૦૦ પ્રમાણે) | | ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૫૯,૮૫,૩૦૦-૦૦ | **ભરપાઈ થયેલ શેર ભંડોળ** (રૂા.૧૦૦ ના એક એવા ૧,૫૯,૮૫૩ શેર) | | ૧,૬૦,૮૫,૩૦૦-૦૦ |
| ૧૪,૩૨,૫૨,૮૮૮-૬૩ | **રિઝર્વ અને અન્ય ફંડ** | | ૧૪,૦૨,૪૧,૫૯૧-૭૭ |
| ૨,૦૦,૯૭,૫૯૨-૬૩ | રિઝર્વ ફંડ | ૨,૩૦,૨૦,૬૭૬-૭૭ | |
| ૨૬,૫૬,૬૧૯-૦૦ | વ્યાજ રિબેટ ફંડ | ૨૬,૮૫,૯૪૦-૦૦ | |
| ૨૧,૬૯,૦૮૭-૦૦ | સભાસદ કલ્યાણ ફંડ | ૨૧,૯૮,૪૦૮-૦૦ | |
| ૭,૮૬,૯૩૦-૦૦ | સહકાર પ્રચાર ફંડ | ૬,૧૩,૭૨૫-૦૦ | |
| ૨૨,૩૧,૫૦૮-૦૦ | ધર્માદાફંડ | ૧૬,૧૯,૨૫૫-૦૦ | |
| ૨,૦૨,૬૦૪-૦૦ | ડિવીડન્ડ ઈ. ફંડ | ૨,૩૧,૯૨૫-૦૦ | |
| ૩૧,૭૪,૦૨૩-૦૦ | ઉત્સવ ઉજવણી ફંડ | ૧૪,૪૪,૮૨૮-૦૦ | |
| ૩,૧૮,૩૪,૩૩૮-૦૦ | બિલ્ડીંગ ફંડ | ૩,૧૯,૮૦,૯૪૪-૦૦ | |
| ૯,૭૦૪-૦૦ | કોમ્પ્યુટર ટેકનોલોજી ફંડ | ૯,૭૦૪-૦૦ | |
| ૫૮,૧૨,૨૫૦-૦૦ | સભાસદ લ્હાણી ફંડ | ૧૨,૩૮,૦૦૦-૦૦ | |
| ૨,૧૯,૦૯,૩૮૮-૦૦ | શકમંદ લેણા ફંડ | ૨,૧૯,૦૯,૩૮૮-૦૦ | |
| ૮૮,૨૩,૪૧૫-૦૦ | મકાન ઘસારા ફંડ | ૯૭,૭૩,૦૪૩-૦૦ | |
| ૩૪,૧૩,૮૪૮-૦૦ | સભાસદ અકસ્માત વ. ફંડ | ૨૬,૫૪,૮૯૮-૦૦ | |
| ૪૪,૯૯,૨૬૪-૦૦ | ડુબત લેણા ફંડ (કલમ ૬૭ એ) | ૫૧,૮૫,૮૧૩-૦૦ | |
| ૨,૦૫,૬૨,૩૧૮-૦૦ | કન્ટીજન્સી ફંડ | ૨,૦૬,૦૫,૦૪૪-૦૦ | |
| ૧,૫૦,૭૦,૦૦૦-૦૦ | સિલ્વર જયુબિલી ફંડ | ૧,૫૦,૭૦,૦૦૦-૦૦ | |
| ૮૨,૦૨,૪૨,૪૮૪-૦૦ | **ડિપોઝીટ એકાઉન્ટ** | | ૮૭,૦૭,૪૩,૭૯૩-૦૦ |
| ૬૮,૨૭,૨૮,૯૧૭-૦૦ | ફિક્સ ડીપોઝીટ | ૬૦,૩૯,૦૩,૮૨૨-૦૦ | |
| ૪,૦૭,૫૨,૪૭૬-૦૦ | જે.કે. સમૃધ્ધી કેશ ડીપોઝીટ | ૪,૫૭,૪૬,૨૨૩-૦૦ | |
| ૨૪,૯૩,૧૦૪-૦૦ | વિકાસ થાપણ | ૧૨,૮૬,૦૦૦-૦૦ | |
| ૦-૦૦ | રજત જયંતિ થાપણ | ૧૨,૦૯,૬૫,૬૩૯-૦૦ | |
| ૫,૦૮,૬૧,૯૦૦-૦૦ | સેવિંગ્સ ડીપોઝીટ | ૫,૧૫,૮૧,૦૬૩-૦૦ | |
| ૪,૩૨,૫૨,૪૮૦-૦૦ | નિયમીત બચત | ૪,૭૧,૫૨,૩૮૪-૦૦ | |
| ૧,૫૩,૬૦૭-૦૦ | એજન્ટ સીકયોરીટી ડીપોઝીટ | ૧,૦૮,૬૬૨-૦૦ | |
| ૮૦,૦૦,૦૦૦-૦૦ | મુદતવીતી વ્યાજ અનામત | | ૯૦,૦૦,૦૦૦-૦૦ |
| ૯૮,૭૪,૮૦,૬૭૨-૬૩ | સરવાળો આગળ લઈ ગયા | | ૧,૦૩,૬૦,૭૦,૬૮૪-૭૭ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

તા. ૦૮-૦૫-૨૦૨૪ શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૩ | મિલકતો | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૨,૩૭,૨૦,૯૭૫-૭૭ | **રોકડ અને બેંક સિલક** | | ૨,૧૫,૧૧,૭૪૪-૯૩ |
| ૭૯,૮૭,૩૫૪-૦૩ | સુ.ડી.કો-ઓ. બેંક સ્ટે. સેવિં. | ૨૫,૭૯,૨૯૨-૯૩ | |
| ૨૦,૭૯,૨૦૬-૩૧ | બેંક ઓફ બરોડા સેવિંગ્સ | ૧૬,૬૬,૫૪૯-૪૨ | |
| ૭,૨૪,૨૦૦-૦૦ | સુ.ડી.કો-ઓ.બેંક(સીટી) સેવિં. | ૫૨,૧૫૧-૯૦ | |
| ૨૯,૩૨,૬૬૩-૧૦ | સુ.ડી.કો-ઓ.બેંક સ્ટે. કરંટ | ૩૮,૪૮,૩૭૩-૦૦ | |
| ૪૨,૮૫,૨૨૧-૨૦ | સુ.ડી.કો-ઓ.બેંક સીટી. કરંટ | ૧૯,૧૮,૮૪૫-૧૦ | |
| ૧,૮૬,૨૯૮-૪૦ | આર.બી.એલ. બેંક કરંટ | ૧૯,૯૨,૮૧૮-૪૦ | |
| ૩૪,૦૧,૧૯૫-૭૩ | બેંક ઓફ બરોડ કરંટ | ૫૫,૮૯,૩૧૪-૩૦ | |
| ૦-૦૦ | સુરત પીપલ્સ કો-ઓ. બેંક કરંટ | ૧૨,૯૬,૯૮૬-૮૮ | |
| ૨૧,૨૪,૮૩૭-૦૦ | હાથ પર સિલક | ૨૫,૬૭,૪૧૩-૦૦ | |
| ૪૩,૭૯,૪૩,૪૩૨-૦૦ | **ડિપોઝીટ થાપણ** | | ૪૫,૯૪,૦૯,૨૧૧-૦૦ |
| ૧૭,૩૧,૫૩,૫૦૧-૦૦ | સુ.ડી.કો-ઓ.બેંક થાપણ સ્ટે. | ૧૬,૮૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૭,૭૭,૦૦૦-૦૦ | દ.ગુ.વીજ કાં.લિ. સીક્યુ.ડીપોઝીટ | ૦-૦૦ | |
| ૮,૯૦,૦૦,૦૦૦-૦૦ | સુ.ડી.કો-ઓ.થાપણ સીટી શાખા | ૯,૫૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૨,૪૦,૬૬,૮૩૭-૦૦ | સુ.ડી.કો-ઓ.થાપણ ધામડોદ | ૨,૫૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૧૩,૯૫,૩૬,૮૮૩-૦૦ | સુરત પીપલ્સ કો-ઓ.બેંક લિ. | ૧૩,૦૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૧,૧૪,૦૯,૨૧૧-૦૦ | મહેસાણા અર્બન કો-ઓ.બેંક લિ. | ૪,૧૪,૦૯,૨૧૧-૦૦ | |
| ૧,૧૪,૨૪,૧૬૪-૦૦ | **પ્રો. ફંડ અને ગ્રેજ્યુ. રોકાણ** | | ૧,૩૩,૧૩,૪૦૮-૯૦ |
| ૪,૩૩૧-૦૦ | સુ.ડી.કો.સ્ટાફ પી.એફ.સ્ટે. | ૪,૪૦૬-૯૦ | |
| ૮૬,૭૪,૩૪૧-૦૦ | સુ.ડી.કો.સ્ટાફ પી.એફ. FD | ૧,૦૩,૬૩,૫૧૦-૦૦ | |
| ૨૭,૪૫,૪૯૨-૦૦ | સુ.ડી.કો. લીવ FD | ૨૯,૪૫,૪૯૨-૦૦ | |
| ૩,૨૦૧-૦૦ | **શેર રોકાણ** | | ૩,૨૦૧-૦૦ |
| ૧,૦૦૦-૦૦ | સુ.ડી.કો.ઓ.બેંક ના શેર | ૧,૦૦૦-૦૦ | |
| ૨૦૧-૦૦ | સુ. જિ.અ.કો.ક્રે.સો.ફેડરેશન શેર | ૨૦૧-૦૦ | |
| ૨,૦૦૦-૦૦ | ધી.ગુજ.સ્ટે.કો.ક્રે.સો.ફેડરેશનશેર | ૨,૦૦૦-૦૦ | |
| ૪૭,૩૦,૯૧,૭૭૨-૭૭ | સરવાળો આગળ લઈ ગયા | | ૪૯,૪૨,૩૭,૫૬૫-૮૩ |

| નિરંજન માનાજી મિસ્ત્રી | દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ | જગદીશભાઈ એચ. પટેલ |
|---|---|---|
| પ્રમુખ | મેનેજર | માનદ્ મંત્રી |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૩ | જવાબદારીઓ | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૯૮,૭૪,૮૦,૬૭૨-૬૩ | સરવાળો આગળ લાવ્યા | | ૧,૦૩,૬૦,૭૦,૬૮૪-૭૭ |
| ૨,૪૯,૯૯,૧૯૪-૦૦ | **અન્ય જવાબદારી** | | ૨,૮૬,૫૩,૧૧૪-૦૦ |
| ૨,૬૭,૫૪૩-૦૦ | સન્ડ્રી ક્રેડીટર્સ | ૨,૧૧,૬૫૦-૦૦ | |
| ૭,૬૭,૪૩૬-૦૦ | સ્ટાફ બોનસ જોગવાઈ | ૭,૯૧,૪૩૯-૦૦ | |
| ૨૧,૫૯,૧૬૭-૦૦ | સ્ટાફ બેનીફીટ ફંડ | ૨૨,૯૫,૫૨૮-૦૦ | |
| ૨૭,૪૫,૪૯૨-૦૦ | સ્ટાફ લીવ બેનીફીટ ફંડ | ૨૯,૪૫,૪૯૨-૦૦ | |
| ૪૫,૧૦૧-૦૦ | સસ્પેન્સ ખાતુ | ૨૫,૧૦૨-૦૦ | |
| ૧,૭૯,૦૮૦-૦૦ | અગાઉથી મળેલ લોકર ભાડુ | ૦-૦૦ | |
| ૧,૪૫,૯૦૦-૦૦ | પાર્ટી ડિપોઝીટ | ૧,૯૦,૯૦૦-૦૦ | |
| ૧,૦૮,૦૦૦-૦૦ | મકાન ભાડા ડિપોઝીટ | ૧,૦૮,૦૦૦-૦૦ | |
| ૨,૬૪,૫૫૮-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૧૯-૨૦ | ૦-૦૦ | |
| ૨,૮૯,૫૮૪-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૦-૨૧ | ૨,૪૭,૯૫૨-૦૦ | |
| ૩,૩૪,૬૦૬-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૧-૨૨ | ૨,૮૧,૪૬૪-૦૦ | |
| ૦-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૨-૨૩ | ૩,૦૫,૮૮૦-૦૦ | |
| ૮૯,૯૦,૦૦૦-૦૦ | ફી ડિપોઝીટ | ૧,૦૮,૩૦,૦૦૦-૦૦ | |
| ૨૪,૪૯૪-૦૦ | ડોરમેટ એકાઉન્ટ | ૫૧,૭૯૦-૦૦ | |
| ૮૬,૭૮,૨૩૩-૦૦ | સ્ટાફ પ્રો. ફંડ હિસાબ | ૧,૦૩,૬૭,૯૧૭-૦૦ | |
| ૬,૮૮,૮૨,૧૮૬-૦૦ | ચુકવવાપાત્ર વ્યાજ | | ૬,૮૫,૧૪,૦૩૪-૦૦ |
| ૪૫,૭૬,૯૯૩-૧૪ | નફા નુકશાન ખાતે | | ૩,૧૫,૯૬,૨૮૩-૦૬ |
| ૧,૦૮,૫૯,૩૯,૦૪૫-૭૭ | | | ૧,૧૬,૪૮,૩૪,૧૧૫-૮૩ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

તા. ૦૮-૦૫-૨૦૨૪ શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૩ | મિલકતો | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૪૭,૩૦,૯૧,૭૭૨-૭૭ | સરવાળો આગળ લાવ્યા | | ૪૯,૪૨,૩૭,૫૬૫-૮૩ |
| ૫૨,૦૫,૦૩,૬૬૭-૦૦ | **સભાસદ ધિરાણ** | | ૫૭,૩૧,૫૭,૯૬૭-૦૦ |
| ૮,૭૧,૨૨,૦૧૨-૦૦ | જાતજામીન લોન | ૭,૨૧,૬૫,૪૨૬-૦૦ | |
| ૧,૯૫,૯૦,૪૭૪-૦૦ | તારણ લોન | ૧,૨૬,૬૭,૨૨૯-૦૦ | |
| ૫,૩૨,૬૨,૫૪૮-૦૦ | વાહન લોન | ૬,૯૩,૩૧,૦૯૨-૦૦ | |
| ૪૫,૭૬,૧૭૭-૦૦ | મશીનરી લોન | ૭૭,૫૯,૫૯૨-૦૦ | |
| ૧૨,૬૦,૪૯,૭૧૯-૦૦ | સભાસદ હાઉસીંગ લોન | ૧૪,૨૮,૪૫,૧૮૨-૦૦ | |
| ૧૮,૫૦,૨૮૯-૦૦ | રા. બચતપત્ર સામે ધિરાણ | ૧૬,૦૯,૪૯૧-૦૦ | |
| ૧૯,૨૫,૬૦,૫૫૨-૦૦ | સ્થાવર મિલ્કત લોન | ૨૧,૭૬,૫૪,૪૭૩-૦૦ | |
| ૮૨,૬૨,૫૩૮-૦૦ | એજયુકેશન લોન | ૧,૫૩,૦૩,૩૩૧-૦૦ | |
| ૪,૬૪,૫૦૨-૦૦ | આત્મનિર્ભર લોન | ૦-૦૦ | |
| ૨,૬૭,૬૪,૮૫૬-૦૦ | ઓવરડ્રાફ્ટ લોન | ૩,૩૮,૨૨,૧૫૧-૦૦ | |
| ૨,૨૯,૯૧,૫૯૮-૦૦ | **મિલકતો** | | ૨,૩૪,૬૮,૩૧૨-૦૦ |
| ૨૪,૯૩,૪૭૬-૦૦ | મકાન ખરીદી | ૨૪,૯૩,૪૭૬-૦૦૦ | |
| ૧,૬૯,૪૭૮-૦૦ | ઈલેકટ્રીફીકેશન | ૧,૪૪,૦૫૬-૦૦ | |
| ૧,૧૯,૨૨૯-૦૦ | એર કન્ડીશન | ૧,૦૧,૩૪૫-૦૦ | |
| ૬૧,૯૨૧-૦૦ | સી.સી. ટી.વી. કેમરા | ૫૨,૬૩૩-૦૦ | |
| ૧૪,૯૯૦-૦૦ | બોરીંગ ખાતે | ૧૩,૪૯૧-૦૦ | |
| ૮૨,૬૦,૫૦૦-૦૦ | જમીન ખરીદી | ૮૨,૬૦,૫૦૦-૦૦ | |
| ૭૦,૦૨,૮૦૩-૦૦ | મકાન બાંધકામ | ૭૦,૦૨,૮૦૩-૦૦ | |
| ૨૬,૭૯,૦૭૨-૦૦ | લોકર્સ | ૩૫,૧૪,૮૪૨-૦૦ | |
| ૫૧,૬૩૨-૦૦ | સીકયુરીટી સીસ્ટમ | ૫૭,૯૧૨-૦૦ | |
| ૩,૨૮,૩૪૧-૦૦ | લીફ્ટ | ૨,૭૯,૦૯૦-૦૦ | |
| ૧૨,૪૪,૭૦૭-૦૦ | ફર્નિચર ફિકચર્સ | ૧૦,૫૮,૦૦૧-૦૦ | |
| ૧,૩૮,૨૩૫-૦૦ | જનરેટર | ૧,૦૩,૬૭૬-૦૦ | |
| ૪૬,૪૬૨-૦૦ | કોમ્પ્યુટર ટેકનોલોજી | ૬૮,૮૭૭-૦૦ | |
| ૬૦,૨૯૭-૦૦ | વાહન ખરીદી | ૪૫,૨૨૩-૦૦ | |
| ૩,૨૦,૪૫૫-૦૦ | સોલાર સીસ્ટમ | ૨,૭૨,૩૮૭-૦૦ | |
| ૫,૦૩,૯૧,૭૨૫-૦૦ | **મળવાપાત્ર વ્યાજ** | | ૫,૧૫,૮૬,૯૧૩-૦૦ |
| ૧,૬૫,૧૪,૬૦૦-૦૦ | લેવાપાત્ર થાપણ વ્યાજ | ૧,૬૩,૧૧,૫૩૬-૦૦ | |
| ૩,૨૫,૬૩,૪૨૧-૦૦ | લેવાપાત્ર ધિરાણ વ્યાજ | ૩,૪૦,૮૮,૬૦૦-૦૦ | |
| ૧૩,૧૩,૭૦૪-૦૦ | લેવાપાત્ર દંડનીય વ્યાજ | ૧૧,૮૬,૭૭૭-૦૦ | |
| ૧,૦૬,૬૯,૭૮,૭૬૨-૭૭ | | | ૧,૧૪,૨૪,૫૦,૭૫૭-૮૩ |

નિરંજન માનાજી મિસ્ત્રી
પ્રમુખ

દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ
મેનેજર

જગદીશભાઈ એચ. પટેલ
માનદ્ મંત્રી

| ૩૧-૦૩-૨૦૨૩ | જવાબદારીઓ | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૧,૦૮,૫૯,૩૯,૦૪૫-૭૭ | સરવાળો આગળ લાવ્યા | | ૧,૧૬,૪૮,૩૪,૧૧૫-૮૩ |
| ૧,૦૮,૫૯,૩૯,૦૪૫-૭૭ | | | ૧,૧૬,૪૮,૩૪,૧૧૫-૮૩ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

તા. ૦૮-૦૫-૨૦૨૪ શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૩ | મિલકતો | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૧,૦૬,૬૯,૭૮,૭૬૨-૭૭ | સરવાળો આગળ લાવ્યા | | ૧,૧૪,૨૪,૫૦,૭૫૭-૮૩ |
| ૧,૮૬,૫૯,૬૧૫-૦૦ | **અન્ય** | | ૨,૨૦,૦૫,૩૨૧-૦૦ |
| ૩,૯૬,૫૭૩-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૦૪-૦૫) | ૩,૯૬,૫૭૩-૦૦ | |
| ૩,૦૬,૩૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૦૫-૦૬) | ૩,૦૬,૩૦૦-૦૦ | |
| ૨,૦૦,૦૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૦૬-૦૭) | ૨,૦૦,૦૦૦-૦૦ | |
| ૨૦,૫૦,૨૭૪-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૧-૧૨) | ૨૦,૫૦,૨૭૪-૦૦ | |
| ૫૦,૯૮,૨૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૨-૧૩) | ૫૦,૯૮,૨૦૦-૦૦ | |
| ૫,૩૬,૦૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૩-૧૪) | ૫,૩૬,૦૦૦-૦૦ | |
| ૧૬,૩૧,૭૫૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૯-૨૦) | ૧૬,૩૧,૭૫૦-૦૦ | |
| ૧૨,૦૬,૨૪૨-૦૦ | ટી.ડી.એસ. કપાત | ૧૨,૩૬,૧૪૦-૦૦ | |
| ૨,૧૯,૨૦૦-૦૦ | કેશ ટ્રાન્ઝેકશન ટી.ડી.એસ. | ૨,૧૯,૨૦૦-૦૦ | |
| ૭૦,૧૫,૦૭૬-૦૦ | થાપણ ટી.ડી.એસ. | ૧,૦૩,૩૦,૮૮૪-૦૦ | |
| ૩,૦૦,૬૬૮-૦૦ | **ચાલુ મિલ્કતો** | | ૩,૭૮,૦૩૭-૦૦ |
| ૧,૭૩,૯૭૯-૦૦ | સન્ડ્રી ડેબ્ટર્સ | ૨,૦૯,૯૭૯-૦૦ | |
| ૩૧,૬૫૬-૦૦ | ડીપોઝીટ (DGVCL) | ૩૧,૬૫૬-૦૦ | |
| ૦-૦૦ | રેવન્યુ સ્ટેમ્પ સ્ટોક | ૯૨૦-૦૦ | |
| ૮૧,૯૧૮-૦૦ | સ્ટેશનરી સ્ટોક | ૧,૧૫,૦૬૮-૦૦ | |
| ૧૩,૧૧૫-૦૦ | લેવાપાત્ર વીજ બિલ કમિશન | ૦-૦૦ | |
| ૦-૦૦ | બોર્ડ ઓફ નોમીનીઝ ફી | ૨૦,૪૧૪-૦૦ | |
| ૧,૦૮,૫૯,૩૯,૦૪૫-૭૭ | | | ૧,૧૬,૪૮,૩૪,૧૧૫-૮૩ |

નિરંજન માનાજી મિસ્ત્રી
પ્રમુખ

દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ
મેનેજર

જગદીશભાઈ એચ. પટેલ
માનદ્ મંત્રી

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના વર્ષનું નફા-નુકશાન ખાતુ

| ૩૧-૦૩-૨૦૨૩ | ખર્ચ | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૩,૯૮,૬૨,૨૭૮-૦૦ | **થાપણ વ્યાજ કમિશન ખર્ચ** | | ૪,૨૮,૪૪,૬૬૦-૦૦ |
| ૩,૬૫,૭૬,૮૧૮-૦૦ | કાયમી થાપણ વ્યાજ | ૩,૮૯,૧૧,૯૭૫-૦૦ | |
| ૧૨,૮૨,૨૫૮-૦૦ | નિયમીત બચત એજન્ટ કમિશન | ૧૬,૪૯,૬૪૬-૦૦ | |
| ૮,૧૪,૪૯૭-૦૦ | નિયમિત બચત વ્યાજ | ૯,૯૧,૧૫૧-૦૦ | |
| ૧૧,૮૮,૭૦૫-૦૦ | સેવિંગ્સ થાપણ વ્યાજ | ૧૨,૯૧,૮૮૮-૦૦ | |
| ૪૩,૯૧,૮૮૩-૦૦ | **કર્મચારી પગાર વિ.** | | ૪૫,૩૦,૦૧૨-૦૦ |
| ૩૮,૩૭,૧૭૪-૦૦ | પગાર ખર્ચ | ૩૯,૫૭,,૧૯૨-૦૦ | |
| ૪,૫૩,૩૯૯-૦૦ | પ્રોવિડન્ડ ફંડ સંસ્થા ફાળો | ૪,૬૭,૮૨૦-૦૦ | |
| ૧,૦૧,૩૧૦-૦૦ | સ્ટાફ દિવાળી ગિફ્ટ | ૧,૦૫,૦૦૦-૦૦ | |
| ૧૧,૩૮,૬૨૯-૦૦ | **કરવેરા, વીમા, ભાડા** | | ૯,૫૪,૧૨૭-૦૦ |
| ૪,૧૪૭-૦૦ | ઈન્કમટેક્ષ અપીલ ફી વિ. ખર્ચ | ૪,૬૮૦-૦૦ | |
| ૪૨,૯૪૪-૦૦ | મિલ્કત વેરો | ૪૨,૯૪૪-૦૦ | |
| ૮,૩૯,૧૧૨-૦૦ | વીમા પ્રીમયમ ખર્ચ | ૮,૮૩,૨૩૫-૦૦ | |
| ૨,૫૨,૪૨૬-૦૦ | ગ્રેજ્યુઈટી પ્રિમિયમ | ૨૩,૨૬૮-૦૦ | |
| ૩,૦૮,૦૬૩-૦૦ | **મરામત નિભાવ ખર્ચ** | | ૨,૬૧,૯૯૨-૦૦ |
| ૫૦,૫૫૦-૦૦ | ઈલેક્ટ્રીક ખર્ચ | ૩૭,૬૮૦-૦૦ | |
| ૧૧,૪૪૬-૦૦ | AMC ખર્ચ | ૧૧,૯૫૨-૦૦ | |
| ૯,૭૦૦-૦૦ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૨૨,૩૦૦-૦૦ | |
| ૧,૫૨,૩૯૫-૦૦ | મિલ્કત નિભાવ ખર્ચ | ૯૯,૯૮૫-૦૦ | |
| ૫૦,૮૮૦-૦૦ | લાઈટ બીલ ખર્ચ | ૫૫,૯૪૫-૦૦ | |
| ૨,૭૬૦-૦૦ | વાહન રીપેરીંગ ખર્ચ | ૨,૫૬૦-૦૦ | |
| ૩૦,૩૩૨-૦૦ | ડેડ સ્ટોક કમી ખર્ચ | ૦-૦૦ | |
| ૦-૦૦ | સિક્યુરીટી પગાર ખર્ચ | ૪,૨૦૦-૦૦ | |
| ૦-૦૦ | મજુરી ખર્ચ | ૧૭,૦૦૦-૦૦ | |
| ૦-૦૦ | ફર્નિચર રીપેરીંગ | ૧૦,૩૭૦-૦૦ | |
| ૪,૫૭,૦૦,૮૫૩-૦૦ | સરવાળો આગળ લઈ ગયા | | ૪,૮૫,૯૦,૭૯૧-૦૦ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડ્યુ છે.

તા. ૦૮-૦૫-૨૦૨૪ શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના વર્ષનું નફા-નુકશાન ખાતુ

| ૩૧-૦૩-૨૦૨૩ | આવક | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૭,૫૭,૩૮,૯૩૪-૦૦ | **વ્યાજ આવક** | | ૮,૭૨,૬૪,૫૧૭-૦૦ |
| ૬૨,૧૬૦-૦૦ | ડી.જી.વી.સી.એલ. થાપણ વ્યાજ | ૧૭,૧૬૭-૦૦ | |
| ૪,૭૬,૦૦,૫૦૨-૦૦ | ધિરાણ વ્યાજ | ૫,૪૨,૬૦,૬૭૭-૦૦ | |
| ૪૦,૦૬૩-૦૦ | નેશનલાઈઝ બેંક થાપણ વ્યાજ | ૪૪,૬૪૧-૦૦ | |
| ૨,૮૦,૩૬,૨૦૯-૦૦ | સહકારી બેંક થાપણ વ્યાજ | ૩,૨૯,૪૨,૦૩૨-૦૦ | |
| ૪,૭૮,૦૮૦-૦૦ | **અન્ય આવક** | | ૪,૭૮,૩૨૨-૪૬ |
| ૧૮,૦૭૪-૦૦ | અન્ય આવક | ૩૯,૪૬૭-૪૬ | |
| ૬૧,૩૯૫-૦૦ | વીજ બીલ કમીશન ખાતે | ૦-૦૦ | |
| ૪,૦૫૦-૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૪,૦૨૫-૦૦ | |
| ૧૫૦-૦૦ | શેર ડીવીડન્ડ આવક | ૧૫૦-૦૦ | |
| ૧,૪૨,૪૧૧-૦૦ | લોકરભાડા આવક | ૧,૭૯,૦૮૦-૦૦ | |
| ૨,૫૨,૦૦૦-૦૦ | મકાન ભાડા આવક | ૨,૫૫,૬૦૦-૦૦ | |
| ૭,૬૨,૧૭,૦૧૪-૦૦ | | | ૮,૭૭,૪૨,૮૩૯-૪૬ |

| | | |
|---|---|---|
| નિરંજન માનાજી મિસ્ત્રી<br>પ્રમુખ | દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ<br>મેનેજર | જગદીશભાઈ એચ. પટેલ<br>માનદ્ મંત્રી |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૪ ના વર્ષનું નફા-નુકશાન ખાતુ

| ૩૧-૦૩-૨૦૨૩ | ખર્ચ | | ૩૧-૦૩-૨૦૨૪ |
|---|---|---|---|
| ૪,૫૭,૦૦,૮૫૩-૦૦ | સરવાળો આગળ લાવ્યા | | ૪,૮૫,૯૦,૭૯૧-૦૦ |
| ૮,૯૮,૪૧૦-૮૬ | **વહીવટી ખર્ચ** | | ૧૦,૪૫,૯૩૨-૪૦ |
| ૬૩,૦૦૦-૦૦ | ઓડીટ ફી+કન્સલ્ટીંગ ફી વિ.ખર્ચ | ૬૩,૦૦૦-૦૦ | |
| ૭૭,૩૧૮-૦૦ | કાર્યાલય ખર્ચ | ૫૦,૩૧૧-૦૦ | |
| ૪૨,૦૦૦-૦૦ | કોમ્પ્યુટર કન્ટીજન્સી ખર્ચ | ૪૨,૦૦૦-૦૦ | |
| ૮૪,૯૧૭-૦૦ | જાહેરાત ખર્ચ | ૫૪,૫૭૪-૦૦ | |
| ૨૪,૧૮૨-૦૦ | ઝેરોક્ષ તથા ટાઈપ ખર્ચ | ૨૭,૧૬૬-૦૦ | |
| ૩૧,૪૬૭-૦૦ | તાર-ટપાલ-ટેલિફોન ખર્ચ | ૫૭,૫૨૦-૦૦ | |
| ૮૧,૫૭૫-૦૦ | પરચુરણ ખર્ચ | ૯૨,૩૮૮-૦૦ | |
| ૧૭,૦૭૭-૮૬ | બેંક કમીશન | ૫૬૫-૪૦ | |
| ૩૬,૬૨૪-૦૦ | મહેમાન સરભરા ખર્ચ | ૬૩,૭૨૨-૦૦ | |
| ૪૧,૬૦૫-૦૦ | મુસાફરી ખર્ચ | ૧૬,૮૨૦-૦૦ | |
| ૧,૨૬,૭૧૫-૦૦ | વાર્ષિક સામાન્ય સભા ખર્ચ | ૧,૫૨,૨૯૨-૦૦ | |
| ૧,૫૦૦-૦૦ | સભ્ય ફી ખર્ચ | ૧,૫૦૦-૦૦ | |
| ૫,૧૭૫-૦૦ | સરકારી ઓડિટ ખર્ચ | ૩,૯૫૦-૦૦ | |
| ૮૭,૦૦૦-૦૦ | સહકારી શિક્ષણ તાલીમ ખર્ચ | ૭૯,૭૫૭-૦૦ | |
| ૪૦,૨૭૬-૦૦ | સ્ટાફ યુનિફોર્મ ખર્ચ | ૧૬,૪૮૭-૦૦ | |
| ૧,૩૨,૯૭૯-૦૦ | સ્ટેશનરી ખર્ચ | .૨,૦૯,૦૯૪-૦૦ | |
| ૫,૦૦૦-૦૦ | કોર્ટ ફી | .૦-૦૦ | |
| ૦-૦૦ | મેડીકલ કેમ્પ ખર્ચ | ૧,૨૦૦-૦૦ | |
| ૦-૦૦ | આઈકાર્ડ ખર્ચ | ૧,૧૩,૫૮૬-૦૦ | |
| ૧૯,૨૩,૩૨૧-૦૦ | ઘસારાની જોગવાઈ | | ૧૮,૬૮,૩૯૪-૦૦ |
| ૨,૩૧,૧૭,૪૩૬-૦૦ | અન્ય જોગવાઈ | | ૪૬,૪૧,૪૩૯-૦૦ |
| ૪૫,૭૬,૯૯૩-૧૪ | નફા નુકશાન ખાતે | | ૩,૧૫,૯૬,૨૮૩-૦૬ |
| ૭,૬૨,૧૭,૦૧૪-૦૦ | | | ૮,૭૭,૪૨,૮૩૯-૪૬ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

તા. ૦૮-૦૫-૨૦૨૪ શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સને ૨૦૨૩-૨૪ ના ચોખ્ખા નફાની ફાળવણી

| રૂા. પૈ. | જમા | રૂા. પૈ. | ઉધાર |
|---|---|---|---|
| ૩,૧૫,૯૬,૨૮૩-૦૬ | **ચોખ્ખો નફો** | ૭૮,૯૯,૦૭૦-૦૬ | રિઝર્વ ફંડ ૨૫% |
| | | ૨,૦૦,૦૦૦-૦૦ | શિક્ષણ ફંડ (ચો. નફાના ૨% અથવા ૨ લાખ બંનેમાંથી જે ઓછી હોય તે રકમ) |
| | | ૧૯,૨૨,૧૪૬-૦૦ | શેર ડિવિડન્ડ ૧૨% |
| | | ૪૭,૩૯,૪૪૨-૦૦ | ડુબત લેણા ફંડ ૧૫% (કલમ ૬૭ એ મુજબ) |
| | | ૧,૬૮,૩૫,૬૨૫-૦૦ | **બાકી રહેલો નફો** |
| | | ૧,૬૮,૩૫૭-૦૦ | વ્યાજ રિબેટ ૧% |
| | | ૧,૬૮,૩૫૭-૦૦ | સ. કલ્યાણ ફંડ ૧% |
| | | ૫,૦૫,૦૬૮-૦૦ | ધર્માદા ફંડ ૩% |
| | | ૧,૬૮,૩૫૭-૦૦ | ડિ.ઈ. ફંડ ૧% |
| | | ૫,૦૫,૦૬૮-૦૦ | ઉ. ઉજવણી ફંડ ૩% |
| | | ૮,૪૧,૭૮૧-૦૦ | બિલ્ડીંગ ફંડ ૫% |
| | | ૫,૦૫,૦૬૮-૦૦ | સ.અ.વળતર ફંડ ૩% |
| | | ૮,૪૧,૭૮૧-૦૦ | સભાસદ લ્હાણી ફંડ ૫% |
| | | ૧,૬૮,૩૫૭-૦૦ | સહકાર પ્રચાર ફંડ ૧% |
| | | ૧,૨૯,૬૩,૪૩૧-૦૦ | સિલ્વર જ્યુબિલી ફંડ ૭૭% |
| ૩,૧૫,૯૬,૨૮૩-૦૬ | | ૩,૧૫,૯૬,૨૮૩-૦૬ | |

નિરંજન માનાજી મિસ્ત્રી
પ્રમુખ

મનિષભાઈ સી. પટેલ
ઉપ પ્રમુખ

જગદીશભાઈ એચ. પટેલ
માનદ્ મંત્રી

નિલેશભાઈ જી. ગુપ્તા
સહમંત્રી

દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ
મેનેજર

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સભાસદો માટે અગત્યનું

**૧.** લોન લેનાર તમામ સભાસદોએ કામનાં ઝડપી નિકાલ માટે સંપૂર્ણ વિગતો સાથે અરજી કરવી આવશ્યક છે.
**૨.** કરજદારો તથા જામીનો સોસાયટી સાથેનાં વ્યવહારમાં નિયમિત રહી પોતાની શાખ વધારે એવી વિનંતી છે.
**૩.** જામીન થનાર સભાસદ કરજદારના કરજ, વ્યાજ તથા વસુલાત અંગેના તમામ ખર્ચની વસુલાત આપવા માટે સંયુકત અને ભિન્ન ભિન્ન રીતે જવાબદાર ગણાય છે.
**૪.** તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીના શેર પ્રમાણપત્ર તૈયાર થઈ ગયા હોય સભાસદોને લઈ જવા વિનંતી.
**૫.** આ સંસ્થાનાં સભાસદોને જ લોન આપવામાં આવે છે.
**૬.** પત્ર વ્યવહારની સગવડતા માટે દરેક સભાસદોએ તેમના ફેરફાર થતાં સરનામાંની જાણ (ફોન નંબર સહિત) સોસાયટીને લેખિત કરવી.
**૭.** તમામ સભાસદોએ પોતાના ઓળખપત્ર ન બનાવ્યા હોય તો સંસ્થામાંથી ફોર્મ મેળવી આધારકાર્ડની ઝેરોક્ષ અને ૧ પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા આપી ઓળખપત્ર મેળવી લેવા. જે સભાસદોને ઓળખપત્ર માટે SMS મળેલ છે તેમણે પોતાના ઓળખપત્ર ઓફિસે આવી મેળવી લેવા વિનંતી.
**૮.** જો કોઈ આર્થિક રીતે નબળા વર્ગના સભાસદનું કોઈપણ કારણસર મૃત્યુ થાય તો વારસદારને રૂા. ૧૧,૦૦૦/- તાત્કાલિક સહાય આપવામાં આવશે.
**૯. સભાસદોની ૫ લાખની અકસ્માત વીમા પોલીસી હોય જો કોઈ સભાસદનું અકસ્માત થી મૃત્યુ થાય તો વારસદારે તાત્કાલિક સંસ્થામાં મેનેજરશ્રી નો સંપર્ક કરવો. કલેઈમ માટે (૧) પોલીસ એફ.આઈ.આર. (૨) પી.એમ. રિપોર્ટ (૩) પોલિસ પંચનામું (૪) મરણોત્તર પંચનામું (૫) શેર પ્રમાણપત્રની ઝેરોક્ષ (૬)વારસદાર ના આધારકાર્ડની સ્વ પ્રમાણિત નકલ (૭) સંસ્થાનાં આળખપત્રની ઝેરોક્ષ (૮) ઓરીજનલ મરણનો દાખલો તથા વિમાકંપની દ્વારા માંગવામાં આવતા જરૂરી પેપર્સ, જે તે ખાતા દ્વારા નોટરી કરીને બે નકલમાં સમયસર આપવાનાં રહેશે.**
**૧૦.** આપણી સંસ્થામાં લેવડ-દેવડનો ટાઈમ નીચે મુજબ રહેશે.
**૧૧. સંસ્થાના પેટા કાયદા મુજબ દરેક સભાસદોએ સેવિંગ્સ ખાતા ખોલાવવા ફરજિયાત છે.**
**૧૨.** દર મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા રહેશે.
**૧૩.** સંસ્થામાં લોકરની સુવિધા ઉપલબ્ધ છે.

## સોસાયટીના મુખ્ય કર્મચારી ગણ

| | | |
|---|---|---|
| ૦૧ | શ્રી દિનેશચંદ્ર ધનસુખલાલ પ્રજાપતિ | મેનેજર |
| ૦૨ | શ્રી ચેતનકુમાર ઠાકોરભાઈ મૈસુરીયા | આસી. મેનેજર |
| ૦૩ | શ્રી સુનિલકુમાર ભરતભાઈ રાજપૂત | સીન. કલાર્ક |
| ૦૪ | શ્રી જતિનકુમાર નવીનચંદ્ર ટીમર | સીન. કલાર્ક |
| ૦૫ | શ્રી મિનેષકુમાર હરકીશનભાઈ પટેલ | જુન. કલાર્ક |
| ૦૬ | શ્રી જીજ્ઞેશકુમાર સુરેશભાઈ લાડ | જુન. કલાર્ક |
| ૦૭ | શ્રી મનોજકુમાર રમેશભાઈ ખત્રી | જુન. કલાર્ક |
| ૦૮ | શ્રી કાન્તુભાઈ નટુભાઈ રાઠોડ | સેવક |
| ૦૯ | શ્રી રાજુભાઈ છીતુભાઈ આહીર | સેવક |
| ૧૦ | શ્રી આયુષ કાંતિલાલ ગોહિલ | સેવક |
| ૧૧ | શ્રીમતી પુષ્પાબેન દિલીપભાઈ પરમાર | સેવક |
| ૧૨ | શ્રીમતી સંગીતાબેન ચેતનભાઈ પટેલ | સેવક |

## અધિકૃત એજન્ટો

| ક્રમ | એજન્ટનું નામ | કોડ |
|---|---|---|
| ૦૧ | શ્રીમતી રીનાબેન જીજ્ઞેશકુમાર પારેખ | ૦૯ |
| ૦૨ | શ્રી મનિષકુમાર કિશોરભાઈ બારોટ | ૧૦ |
| ૦૩ | શ્રીમતી હિનાબેન રાજુભાઈ પટેલ | ૧૨ |
| ૦૪ | શ્રીમતી અવનીબેન વિનોદભાઈ ચૌહાણ | ૧૬ |
| ૦૫ | શ્રી નિલેશકુમાર ચંપકભાઈ પટેલ | ૧૭ |

## -: નિયમિત બચત ખાતાના ખાતેદારોને અગત્યની સૂચના :-

૧. સોસાયટીએ અધિકૃત કરેલ ઉપરોકત એજન્ટોને જ રકમ આપવાની રહેશે, તે સિવાય અન્ય વ્યકિતને આપેલ રકમ માટે સોસાયટીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

૨. દરેક ખાતેદારે એજન્ટને રકમ આપતી વખતે રૂપિયા આપ્યાની પંહોચ લેવાની જવાબદારી ખાતેદારની પોતાની રહેશે.

૩. નિયમતિ બચત યોજનામાં છ માસમાં જમા થયેલ રકમના વધુમાં વધુ ૮૦ ટકા રકમ છ માસ પછી ઉપાડી શકાશે.

**૪. દરેક ખાતેદાર પોતાનું ખાતું ખોલાવતી વખતે પોતાનાં પાસપોર્ટ સાઈઝનાં ફોટા તથા ઓળખપત્ર જેમકે, આધારકાર્ડ, પાનકાર્ડ, લાયસન્સ, ચુંટણી કાર્ડ આપે તે જરૂરી છે.**

૫. દરેક ખાતેદારે અધિકૃત આ સંસ્થાના એજન્ટ પાસે ખાતુ ખોલાવતાં સહીના નમૂના કાર્ડ પર સહી અવશ્ય આપવી.

૬. નિયમિત બચત ખાતામાં ગ્રાહકો ખાતુ ખોલાવ્યા પછી ૬ માસ સુધી ખાતુ બંધ કરી શકશે નહી. અગર જો ખાતુ બંધ કરાવે તો સ્ટેશનરી ખર્ચ અને એજન્ટોને ચૂકવેલ કમિશન કાપી લેવામાં આવશે.

૭. બચતખાતામાં વર્ષમાં બે ઉપાડથી (છ છ મહિને) વધુ વખત ઉપાડ કરશે તો ઉપાડેલ રકમ પર મંડળીએ ચૂકવેલ એજન્ટ કમિશન કાપી લેવામાં આવશે.

૮. સંસ્થામાં સભાસદોના જ ખાતા ખોલવામાં આવે છે.

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૦૩-૦૫-૨૦૨૩ થી અમલમાં

## થાપણનાં વ્યાજના દર

**૧. સેવિંગ્સ ખાતુઃ** (વ્યાજનો દર ૨.૫૦%)

સેવિંગ્સ ખાતાની ઠરાવેલી રીતે જમા રહેતી રકમ પર વ્યાજ પ્રતિ છ માસે જમા આપવામાં આવશે. આ ખાતામાં અનુકુળતા પ્રમાણે રકમ જમા કરાવી શકાશે તેમજ ઉપાડી શકાશે.

**૨. નિયમિત બચત ખાતુઃ** (વ્યાજનો દર ૨.૫૦%)

(અ) સભાસદો પોતાની સગવડ મુજબ દરરોજ, અઠવાડિક, પખવાડિક અથવા માસિક રકમ જમા કરાવી શકાશે.
(બ) સોસાયટીએ નિયુકત કરેલ નિયમિત બચત એજન્ટો દ્વારા ઘર બેઠા રકમ જમાં કરાવવાની સગવડ આપવામાં આવે છે.

**૩. ફિક્સ ડિપોઝીટ : (બાંધી મુદત થાપણ)**

| | | | |
|---|---|---|---|
| (૧) ૪૬ દિવસ | ૩.૫૦% | (૩) ૨ વર્ષ | ૫.૭૫% |
| (૨) ૧ વર્ષ | ૫.૫૦% | (૪) ૩ વર્ષથી ૫ વર્ષ | ૬.૨૫% |

(૫) જે. કે. સમૃધ્ધિ કેશ ડિપોઝીટ યોજનામાં રૂા. ૧૦૦૦ નાં ગુણાંકમાં મુકેલ રકમ ૧૨૬ માસે ડબલ થશે.

**૪. વિકાસ થાપણઃ**

સોસાયટીમાં થાપણદારોની વિકાસ થાપણ યોજનામાં થાપણ પરનું વ્યાજ દર ત્રણ માસે તેમનાં સેવિંગ્સ ખાતામાં જમા આપવામાં આવશે. આ થાપણનાં વ્યાજનાં દર જે તે મુદતના દર કરતાં અડધો ટકો ઓછો રહેશે. (એક વર્ષથી વધુ મુદતની થાપણ ઉપર)

**❋ સંસ્થામાં સભાસદોની જ થાપણ સ્વીકારવામાં આવે છે અને લોન આપવામાં આવે છે. ❋**

**નોંધઃ** સિનિયર સીટીઝન અને દિવ્યાંગને ૧ વર્ષ કે તેથી વધારે મુદત માટે મૂકેલ હોય તોથાપણનાં ચાલુ દર કરતા ૦.૨૫ % વધુ વ્યાજ આપવામાં આવશે.

**વિનંતીઃ** સભાસદોને આપવામાં આવતી મૃત્યુ સહાય ફકત આર્થિક રીતે નબળા વર્ગોને જ લાભ લેવા વિનંતી સક્ષમ સભાસદોએ આ લાભ ન લઈ નબળા વર્ગના સભાસદોને સહાયરૂપ થવા વિનંતી.

## ધિરાણનાં વ્યાજના દર તા. ૦૧-૦૨-૨૦૨૪ થી અમલમાં

| ક્રમ | ધિરાણનો પ્રકાર | ધિરાણની મર્યાદા | વ્યાજનો દર | મુદત |
|---|---|---|---|---|
| (૧) | એજ્યુકેશન લોન | રૂા. ૨૫,૦૦,૦૦૦ સુધી | ૮.૦૦ % | ૨૦૦ માસ |
| (૨) | સોલારપેનલ / ઈ-બાઈક+ઈ-રીક્ષા | રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૮.૦૦ % | ૬૦ માસ |
| (૩) | હાઉસીંગ / મોર્ગેજ લોન | રૂા. ૭૫,૦૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૧૨૦ માસ |
| (૪) | ઓવરડ્રાફ્ટ લોન | રૂા. ૭૫,૦૦,૦૦૦ સુધી | ૮.૫૦ % | દર બે વર્ષે રીન્યુ |
| (૫) | વાહન લોન | રૂા. ૩૫,૦૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૬૦ માસ |
| (૬) | મશીનરી લોન | રૂા. ૨૫,૦૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૬૦ માસ |
| (૭) | જાત જામીન લોન | રૂા. ૨,૦૦,૦૦૦ સુધી | ૧૧.૦૦ % | ૭૨ માસ |
| (૮) | રાષ્ટ્રીય બચતપત્ર સામે ધિરાણ | ૭૫ ટકા સુધી | ૯.૦૦ % | પાકતી તારીખ |
| (૯) | ગોલ્ડ લોન | ૭૦ ટકા સુધી | ૯.૦૦ % | ૧૨ માસ |

## ઓડિટ રિપોર્ટ

હમોએ ચકાસેલ શ્રી બારડોલી જનતા કો. ઓ. ક્રેડિટ સો. લિ. નું તા. ૩૧-૩-૨૦૨૪ નાં રોજનું પાકુ સરવૈયુ અને સને ૨૦૨૩-૨૦૨૪ નાં વર્ષનું નફા-નુકશાન ખાતુ હમારી સમક્ષ રજુ કરેલાં સંબધિત હિસાબી ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસી માન્ય થયેલ ધોરણોને આધારે નીચે મુજબ ઓડિટ રિપોર્ટ કરીએ છીએ.

૧. હમોને હમારા ઈન્ટરનલ ઓડિટ દરમ્યાન મળેલ માહિતીઓ તદુપરાંત ખુલાસાઓ પરથી માલુમ પડે છે કે નાણાંકીય અહેવાલો તથા અગત્યની તમામ માહિતીઓ સાચી છે. તેમજ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ મુજબ તમામ યોગ્ય ચોપડાઓ તેમજ દફતરો રાખ્યા છે.

૨. આ વાર્ષિક અહેવાલમાં સામેલ સરવૈયુ મંડળીની તા. ૩૧-૩-૨૦૨૪ ની સાચી આર્થિક પરિસ્થિતિ તથા નફા નુકશાન ખાતુ સને ૨૦૨૩-૨૦૨૪ નાં વર્ષના નફા અંગે સાચો અને વ્યાજબી ખ્યાલ દર્શાવે છે.

૩. વાર્ષિક અહેવાલમાં દર્શાવેલ સરવૈયુ તથા આવક-જાવકનો હિસાબ મંડળીનાં ચોપડાઓ સાથે મળી રહે છે.

૪. ઓડિટમાં મંડળીની વ્યવસ્થાપક કમિટીએ કરેલ હિસાબી પધ્ધતિનાં સિધ્ધાંતોની મુલવણી તથા મહત્વનાં તમામ વ્યવહારોનો તપાસણીમાં સમાવેશ થાય છે અને તે મંડળીની સાચી અને વ્યાજબી પરિસ્થિતનો અહેવાલ રજુ કરે છે.

સ્થળ : સુરત
તા. ૦૮-૦૫-૨૦૨૪

શ્રી આશિષ મોદી એન્ડ કું સુરત
(ઈન્ટરનલ ઓડિટરશ્રી (સી.એ.)

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## પેટા કાયદામાં સુધારો

| અનુ. નંબર | પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારેલ પેટાકાયદો | સુધારાનાં કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨૪ (૦૧) | **જાત જામીન લોનઃ**<br><br>રૂા. ૨ લાખ સુધી<br>આપી શકાશે જેની પરત<br>કરવાની મુદત ૭૨ માસ રહેશે. | **જાત જામીન લોનઃ**<br><br>રૂા. ૫ લાખ સુધી<br>આપી શકાશે જેની પરત<br>કરવાની મુદત ૮૪ માસ રહેશે. | સભાસદોની<br>વારંવારની જરૂરીયાત<br>લક્ષમાં લઈ |
| ૨ | ૨૪ (૧૧) | **નવો.** | **બારમાસી જીવન જરૂરી લોનઃ**<br>લોન રૂા. ૫૦,૦૦૦/- સુધી<br>આપી શકાશે જેની પરત કરવાની<br>મુદત ૨૪ માસ રહેશે. | સભાસદોની<br>વારંવારની જરૂરીયાત<br>લક્ષમાં લઈ |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સંસ્થાનો છેલ્લા પાંચ વર્ષનો પ્રગતિ રિપોર્ટ

| અનું. નં. | વિગત | ૨૦૧૯–૨૦ | ૨૦૨૦–૨૧ | ૨૦૨૧–૨૨ | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભરપાઈ થયેલ શેર ભંડોળ | ૧૪૪.૦૭ લાખ | ૧૪૯.૪૦ લાખ | ૧૫૭.૧૧ લાખ | ૧૫૯.૮૫ લાખ | ૧૬૦.૮૫ લાખ |
| ૨ | કામકાજનું ભંડોળ | ૯૭૦૧.૨૫ લાખ | ૯૭૧૪.૬૬ લાખ | ૧૦૨૧૭.૫૦ લાખ | ૧૦૮૧૩.૬૨ લાખ | ૧૧૩૩૨.૩૮ લાખ |
| ૩ | અનામત ભંડોળ | ૯૧૧.૩૬ લાખ | ૧૦૬૬.૬૭ લાખ | ૧૧૯૮.૭૮ લાખ | ૧૪૩૨.૫૩ લાખ | ૧૪૦૨.૪૨ લાખ |
| ૪ | થાપણો | ૭૯૨૬.૧૨ લાખ | ૭૭૧૩.૮૮ લાખ | ૭૯૬૭.૫૦ લાખ | ૮૨૦૨.૨૪ લાખ | ૮૭૦૭.૪૪ લાખ |
| ૫ | ધિરાણ | ૪૪૭૩.૧૩ લાખ | ૪૮૪૫.૨૨ લાખ | ૪૬૫૪.૪૨ લાખ | ૫૨૦૫.૦૩ લાખ | ૫૭૩૧.૫૮ લાખ |
| ૬ | ચો. નફો | ૩૬.૪૯ લાખ | ૩૯.૫૦ લાખ | ૪૨.૮૮ લાખ | ૪૫.૭૭ લાખ | ૩૧૫.૯૬ લાખ |
| ૭ | સભાસદ સંખ્યા | ૬૫૨૧ | ૬૭૩૩ | ૭૨૨૭ | ૭૪૬૮ | ૭૫૭૯ |
| ૮ | ઓડિટ વર્ગ | ‘અ’ | ‘અ’ | ‘અ’ | ‘અ’ | બાકી |
| ૯ | ડિવિડન્ડ | ૧૨% | ૧૨% | ૧૨% | ૧૨% | ૧૨% (ભલામણ) |
| ૧૦ | ભેટ કૂપન | - | રૂા. ૭૫૦/- | - | રૂા. ૭૫૦/- + મિલેટસ કીટ | - |

**નિરંજન માનાજી મિસ્ત્રી**
પ્રમુખ

**મનિષભાઈ સી. પટેલ**
ઉપ પ્રમુખ

**જગદીશભાઈ એચ. પટેલ**
માનદ્ મંત્રી

**નિલેશભાઈ જી. ગુપ્તા**
સહમંત્રી

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર

## બારડોલી જનતા ક્રેડિટ સોસા.ની રજતજયંતીની ઉજવણી



બારડોલી | બારડોલી જનતા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિ.ની સ્થાપના કાળને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આં રજતજયંતી મહોત્સવ પ્રસંગે સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનના ભાગરૂપે તારીખ ૨૩મીના રોજ સાંજે ૫ કલાકે સ્વરાજ આશ્રમ ગ્રાઉન્ડ પર ટ્રેડ ફેર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરની અન્ય સહકારી સંસ્થાના હોદ્દેદારો હાજર રહ્યા હતા. આયોજનને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ નિરંજન મોનાજી મિસ્ત્રી, માનદમંત્રી જગદીશભાઇ પટેલ, સહમંત્રી નિલેશભાઇ ગુપ્તા, કા. સભ્ય ડો. મહેન્દ્રભાઇ ચૌધરી, મહેન્દ્રસિંહ ચૌહાણ, આનંદભાઇ ટેલર તથા સંસ્થાનાં સ્ટાફે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

**સંદેશ તા. ૨૭/૧૨/૨૦૨૩**

## બારડોલીમાં 25મી અને 26 એપ્રિલે કારકિર્દી મેળો યોજાશે

### ગુજરાતની નામાંકિત યુનિવર્સિટી અને કોલેજો મેળામાં ભાગ લેશે

ભાસ્કરન્યૂઝ | બારડોલી

બારડોલી પ્રદેશ ચહેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ, બારડોલી જનતા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી અને તન્મય ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે બારડોલી ખાતે કારકિર્દી મેળો યોજાશે

આગામી તારીખ 25 અને 26 એપ્રિલના રોજ સિનિયર સિટીઝન ક્લબ હોલ ખાતે ગુજરાતની નામાંકિત યુનિવર્સિટી કોલેજો અને ફોરેન એજ્યુકેશનના ક્લાસીસ ને મળવાની એક તક એટલે કારકિર્દી મેળો આ મેળામાં ગુજરાત ભરમાં પ્રસિદ્ધ એવી વિવિધ કોર્સિસ ની માહિતી આપતી સંસ્થાઓ દ્વારા દરેક વિદ્યાર્થીઓને પોતાના કારકિર્દી અંગેના મુંજવતા પ્રશ્નોના સવાલ જવાબ થઈ શકશે આ કોઈ સેમીનાર નથી અહીં દરેક વિદ્યાર્થી માટે અલગ અલગ સ્ટોલમાં વિવિધ કારકિર્દીના ઓપ્શન ઉપલબ્ધ હશે બારડોલી તથા આજુબાજુના ગામના બધા જ વિદ્યાર્થીઓ અને વાલીઓ આ ફેરની વિના મૂલ્ય મુલાકાત લઈ શકે છે અને બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે પ્રયત્ન કરી શકે છે. આ રજૂઆત ચેમ્બરના પ્રમુખ શ્રી પ્રદીપભાઈ અગ્રવાલ દ્વારા સમગ્ર જનતા માટે કરવામાં આવી હતી

### કારકિર્દી મેળામાં આવનાર યુનિવર્સિટી

■ પારૂલ યુનિર્વસીટી, બરોડા ■ આત્મિય યુનિર્વસીટી ■ એમ.આઈ.ટી. પુને ■ પંડિત દિન દયાલ ઉપાધ્યાય યુનિર્વસિટી ■ પી.પી.સવાણી, યુનિર્વસિટી ■ રોફેલ નર્સિંગ કોલેજ વાપી ■ ઓર્કિક એજ્યુકેશન ■ બ્રેઇન ઓ બ્રેઇન સ્કીલ ડેવલપમેન્ટ, બારડોલી ■ એસ.ડી.જૈન કોલેજ, પલસાણા ■ એસ.યુ.વી.એજ્યુકેશન કેમ્પસ, ચલથાણ ■ વિદ્યા ભારતી ટ્રસ્ટ, ઉમરાખ ■ એન.જી. પોલિટેકનિક કોલેજ, તાજપોર ■ વંદે માતરમ વિધાપીઠ. રાયમ ■ મયુરી ઇન્ટરનેશનલ ( વિદેશ અભ્યાસ) ■ રોટરી આઇ ઇન્ટીટ્યુટ, નવસારી ■ બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ (એજ્યુકેશનલ લોન) ■ એલિટ એજ્યુકેશન ઓવર્સીસ

**દિવ્ય ભાસ્કર તા. ૨૨/૦૪/૨૦૨૪**

શૈક્ષણિક મેળો | વિદ્યાર્થીઓના કારકિર્દીને લગતા મુંઝવણભર્યા પ્રશ્નોનું થયું નિરાકરણ

## બારડોલીમાં 2 દિવસીય કારકિર્દી મેળામાં 17 શૈક્ષણિક સંસ્થા હાજર, 5700 વિદ્યાર્થીએ માર્ગદર્શન મેળવ્યું

ભાસ્કરન્યૂઝ | બારડોલી

બારડોલી નગર સહિત આજુબ જુના વિસ્તારમાં બોર્ડના અને કોલેજના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં કારકિર્દીને લઈને મુઝવણ અનુભવતા હોય છે, ત્યારે એક જ સ્થળે મુઝવણનો ઉકેલ મળે એવા શુભ આશયથી બારડોલી પ્રદેશ ચહેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ, બારડોલી જનતા કો-ઓપ રેટીવ ક્રેડિટ સોસાયટી અને તન્મય ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે બારડોલી સિનિયર સિટીઝન હોલમાં બે દિવસીય ગુરુ અને શુક્રવારે કારકિર્દી મેળો યોજાયો હતો. જેમાં ગુજરાતની નામાંકિત યુનિવર્સિટી કોલેજો અને ફોરેન એજ્યુકેશનના ક્લાસીસ મળી 17 જેટલી સંસ્થા યુનિવર સિટીના લોકો હાજર રહ્યા હતા. જેમાં 5700 વીદ્યાર્થીઓ અને 968 વાલીઓએ રૂબરૂ મળીને ભવિષ્યમાં કારકિર્દી માટેની જાણકારી મેળવી હતી. સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીને મુંજવતા પ્રશ્નોના સવાલોનું નિરાકરણ કરાયું હતું.

### મેળામાં અનેક નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો



**બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટેનો પ્રયાસ**

બારડોલી તથા આજુબાજુના ગામના બધા જ વિદ્યાર્થીઓ અને વાલીઓ આ ફેરની વિના મૂલ્ય મુલાકાત લઈ શકે, અને બાળકોના ઉજ્વળ ભવિષ્ય માટે પ્રયત્ન કરી શકે માટે એક જ સ્થળે સંસ્થાઓને ભેગી કરી હતી. પ્રદીપભાઈ અગ્રવાલ, પ્રમુખ, બારડોલી ચેમ્બર ઓફ કોમર્સ

■ પારૂલ યુનિર્વસીટી, બરોડા ■ આત્મિય યુનિર્વસીટી. ■ એમ.આઈ.ટી. પુને ■ પંડિત દિન દયાલ ઉપાધ્યાય યુનિર્વસિટી ■ પી.પી.સવાણી, યુનિર્વસિટી ■ રોફેલ નર્સિંગ કોલેજ વાપી ■ ઓર્કિક એજ્યુકેશન ■ બ્રેઇન ઓ બ્રેઇન સ્કીલ ડેવલપમેન્ટ, બારડોલી ■ એસ.ડી.જૈન કોલેજ, પલસાણા ■ એસ.યુ.વી.એજ્યુકેશન કેમ્પસ, ચલથાણ ■ વિદ્યા ભારતી ટ્રસ્ટ, ઉમરાખ ■ એન.જી. પોલિટેકનિક કોલેજ, તાજપોર ■ વંદે માતરમ વિધાપીઠ. રાયમ ■ મયુરી ઇન્ટરનેશનલ ( વિદેશ અભ્યાસ) ■ રોટરી આઇ ઇન્ટીટ્યુટ, નવસારી ■ બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ ( એજ્યુકેશનલ લોન) ■ એલિટ એજ્યુકેશન ઓવર્સીસ

**દિવ્ય ભાસ્કર તા. ૨૭/૦૪/૨૦૨૪**






એજ્યુકેશન કેરિયર ફેર ૨૦૨૪




રજત જયંતિ થાપણ મુકનાર પ્રથમ સભાસદ



અકસ્માત મૃત્યુ સહાય રૂ. ૫ લાખ



લાલ બહાદુર શાસ્ત્રી જન્મ જયંતિ નિમિત્તે






રજત જયંતિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ




બ્લડ ડોનેશન કેમ્પ




ઉમરકુઈ મુકામે બાળાઓ દ્વારા સન્માન

**પ્રકાશક: નિરંજન માનાજી મિસ્ત્રી**
**પ્રમુખ: બારડોલી જનતા કો - ઓ. ક્રેડિટ સોસાયટી લિ. બારડોલી**




પ્રતિ શ્રી, ............................................................

............................................................

............................................................

**રવાના**


**બારડોલી જનતા કો - ઓ. ક્રેડિટ સોસાયટી લિ.**
'સમુત્કર્ષ ભવન' પરશુરામ નગર, શાસ્ત્રી રોડ, સ્વામિનારાયણ મંદીર સામે, બારડોલી
દુરભાષ: (૦૨૬૨૨)૨૯૯૦૧૩, મો. ૯૨૬૫૪ ૭૨૧૫૭, E-mail: bjanta2000@gmail.com



**મુદ્રક:**
હરિહર પ્રિન્ટર્સ-સરદાર શોપીંગ સેન્ટર, ખેડુત સંઘની બાજુમાં, સ્ટેશન રોડ, બારડોલી. મો. ૯૮૨૫૫ ૨૦૭૨૫